# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/246 Dt. 12/12/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ અને જય સરદાર વિદ્યાલયના સંયુકત ઉપક્રમે સર્વાઇકલ કેન્સર વેકિસન વિષે અવેરનેસ સેશન યોજાયું

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને જય સરદાર વિદ્યાલયના સંયુકત ઉપક્રમે ગુરૂવાર, તા. ૨૦ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૮:૩૦ કલાકે પુણાગામ સ્થિત જય સરદાર વિદ્યાલય ખાતે સર્વાઇકલ કેન્સર વેકિસન વિષે અવેરનેસ સેશન યોજાયું હતું, જેમાં પી.પી. માણિયા હોસ્પિટલના ડો. ઉષા એન. માણિયાએ સર્વાઇકલ કેન્સર વેકિસન વિષે જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ ઉદ્દબોધન કરતા જણાવ્યું હતું કે, સમાજના આરોગ્ય સંરક્ષણમાં મહિલા સ્વાસ્થ્યનું વિશેષ સ્થાન છે અને સર્વાઇકલ કેન્સર એ વિશ્વભરમાં મહિલાઓને અસર કરનાર ગંભીર સ્વાસ્થ્ય પડકારોમાંનું એક છે, પરંતુ ખુશીની વાત એ છે કે આજે તેનો અસરકારક અને સલામત પ્રિવેન્ટિવ વિકલ્પ, સર્વાઇકલ કેન્સર વેકસીન ઉપલબ્ધ છે.

ડો. ઉષા એન. માણિયાએ જણાવ્યું હતું કે, સર્વાઇકલ કેન્સર મહિલાઓમાં થતા ગંભીર કેન્સર પ્રકારોમાંનું એક છે, પરંતુ સદ્દભાગ્યે તેની સમયસર પ્રિવેન્શન શકય છે. હ્યુમન પેપિલોમા વાયરસથી બચવા માટે ઉપલબ્ધ સર્વાઇકલ કેન્સર વેકિસન અત્યંત અસરકારક અને સુરક્ષિત છે. ૯થી ૨૬ વર્ષની છોકરીઓ અને યુવતીઓ માટે આ વેકિસનની ભલામણ કરવામાં આવે છે, કારણ કે આ વયે રક્ષણ સૌથી વધુ અસરકારક બને છે.

તેમણે જણાવ્યું હતું કે, આ વેકિસન લેવાથી હ્યુમન પેપિલોમા વાયરસના ઘણા જોખમકારક પ્રકારોથી લાંબા ગાળાનું રક્ષણ મળે છે, જેના કારણે ભવિષ્યમાં સર્વાઇકલ કેન્સર થવાની શકયતા નોંધપાત્ર રીતે ઓછી થાય છે. સાથે જ મહિલાઓએ નિયમિત હેલ્થ ચેકઅપ અને સ્વચ્છ જીવનશૈલી અપનાવવી પણ અત્યંત જરૂરી છે. જો સમાજમાં આ અંગે યોગ્ય જાગૃતિ ફેલાવવામાં આવે તો સર્વાઇકલ કેન્સરના કેસોમાં મોટો ઘટાડો થઈ શકે છે તેમ ડો. ઉષાએ વધુમાં જણાવ્યું હતું.

જય સરદાર વિદ્યાલયના આચાર્ય શ્રી પરેશ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. ચેમ્બરની ઇન્ડસ્ટ્રીયલ વર્કર્સ હેલ્થ કમિટીના ચેરમેન ડો. જગદિશ વઘાસિયાએ કાર્યક્રમની રૂપરેખા આપી ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ઇન્ડસ્ટ્રીયલ વર્કર્સ હેલ્થ કમિટીના કો–ચેરમેન શ્રી નિખિલ વઘાસિયાએ સેશનનું સંચાલન કર્યું હતું.